*કચેરીના ઉપયોગ માટે*

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## એજયુકેશનલ મ્યુઝિયમ, બેકરીશાળા તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી ખાતે આર.ઓ.વોટર પ્લાન્ટ અને વોટર કુલર ખરીદવા માટેનું ટેન્ડર ડોકયુમેન્ટ

ટેન્ડર નંબર:.......                                        ઈસ્યુ તારીખ:.......

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ભરેલ ટેન્ડર ફોર્મ મોકલવાની છેલ્લી તારીખ: <u>૧૩/૦૯/૨૦૧૭</u>**

● ટેન્ડર સબંધી વધુ વિગતમાટે સંપર્ક ●


**એજયુકેશનલ મ્યુઝિયમ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦ ગુજરાત**
**મો. ૯૯૭૯૨૮૨૫૧૪**



**–: કચેરી:–**
**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫**

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી**
એરૂ ચાર રસ્તા નવસારી–૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# ટેન્ડર ડોકયુમેન્ટ

## ● આર. ઓ. વોટર પ્લાન્ટ તથા વોટર કુલરની ખરીદી ●

નવસારી કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ રાજયના ખેડૂતોની ખેતીમાં સુધારો લાવીને તેઓનો આર્થિક વિકાસ સાધવાનો છે. ખેતી અને ખેડૂતોના વિકાસ માટે યુનિવર્સિટી દ્વારા કૃષિ સબંધી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની બહુવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. કૃષિ સંશોધન કેન્દ્રો દ્વારા બહાર પાડવામાં આવતી નવીનતમ કૃષિ ટેકનોલોજી દક્ષિણ ગુજરાતના ખેડૂતો અપનાવે તે માટે તેઓને અભિપ્રેરિત કરવા તથા ખેડૂતોના ખેતરો સુધી તેને અસરકારક રીતે પહોંચતી કરવા માટે યુનિવર્સિટી હેઠળ ચાલતી વિવિધ વિસ્તરણ શિક્ષણ યોજનાઓ મારફતે ખેડૂતોપયોગી વિસ્તરણ શિક્ષણ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

વર્ષ દરમ્યાન મોટી સંખ્યામાં ખેડૂતો, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ તેમજ વિવિધ મહાનુભાવો અવાર–નવાર એજયુકેશનલ મ્યુઝિયમની મુલાકાતે આવતા હોય છે. આ મુલાકાતીઓ માટે પીવાના પાણીની સગવડતા કરવી અતિ આવશ્યક છે તથા બેકરીશાળામાં બેકરી પ્રોડકટ બનાવવા માટે શુધ્ધપાણી અને બેકરી અંગેનો કોર્ષ કરવા આવનાર વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ માટે પીવાના પાણીની સગવડતા માટે અને આ ઉપરાંત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં ફરજ બજાવતાં અધિકારીઓ/કર્મચારીશ્રીઓ તથા મુલાકાતીઓને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે આર. ઓ. વોટર પ્લાન્ટ તથા વોટર કુલરની ખરીદી કરવામાં આવનાર છે. આ માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ માટે આ સાથે સળંગ પાના નં ૧ થી ૩ સુધી ક્રમ ધરાવતાં કાગળો સામેલ કરેલ છે.


| અ.નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧. | આર. ઓ. વોટર પ્લાન્ટ તથા વોટર કુલરની ખરીદી અંગેના ટેન્ડર માટેની શરતો તથા બોલીઓ. | ૧–૨ |
| ૨. | આર. ઓ. વોટર પ્લાન્ટ તથા વોટર કુલરના ભાવોનું પત્રક. | ૩ |

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચારરસ્તા,નવસારી–૩૯૬૪૫૦

## આર.ઓ. વોટર પ્લાન્ટ અને વોટર કુલર ખરીદીના ટેન્ડરની શરતો અને બોલીઓ

૧. ટેન્ડર ફોર્મ ફી પેટે રૂા.૧૫૦૦/– રોકડા જમા કરાવી અત્રેની કચેરીએથી તા.૧૨/૦૯/૨૦૧૭ સુધી મળી રહેશે.

૨. ભરેલુ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ તા.૧૩/૦૯/૨૦૧૭ સુધીમાં પોસ્ટ/કુરીયર દ્વારા કવર ઉપર**"આર.ઓ.વોટર પ્લાન્ટ અને વોટર કુલરનાં ભાવો"** નું લખાણ કરી મોકલવાનું રહેશે.

૩. ટેન્ડર ભરનાર પાર્ટીએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) પેટે "Professor (P), T&V, DEE, NAU, Navsari" ના નામનો રૂા.૩૭૫૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર સાતસો પચાસ પુરા)નો ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર ફોર્મની સાથે મોકલવાનો રહેશે. જો ટેન્ડરની સાથે ઉપરની વિગતે ડીમાન્ડ ડ્રાફ્ટ મોકલવામાં નહીં આવે તે પાર્ટીનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહીં.

૪. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ઉપર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહિ. અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની પૂરેપુરી રકમ નીચે દર્શાવેલ કારણોસર (forfeit) જપ્ત કરવામાં આવશે.

(અ) ટેન્ડર ભરનાર પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો.

(બ) જે પાર્ટીનું ટેન્ડર મંજુર કરવામાં આવે અને તે પાર્ટી જો આર. ઓ. વોટર પ્લાન્ટ અને વોટર કુલર મોકલવામાં પીછેહઠ કરે તો.

૫. અસફળ રહેલ પાર્ટીને તેમની અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) ની રકમ ટેન્ડરીંગ કાર્યવાહી પુર્ણ થયે પરત કરવામાં આવશે. જયારે સફળ રહેલ પાર્ટી સિકયોરીટી ડીપોઝીટ(SD) તરીકેની રકમ જમા કરાવે પછી પરત કરવામાં આવશે.

૬. જે પાર્ટીના ભાવો મંજુર કરવામાં આવે તે પાર્ટીએ ઓર્ડર મળ્યાની તારીખથી દિન–૭ માં સિકયોરીટી ડીપોઝીટ (SD) તરીકેની રકમ રૂા.૬,૨૫૦/–(અંકે રૂપિયા છ હજાર બસ્સો પચાસ પુરા) જમા કરાવવાના રહેશે, સીકયુરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી. વર્ષ દરમ્યાન સર્વિસની કામગીરી સંતોષકારક નહી જણાય તો સિકયોરીટી ડીપોઝીટ (SD)ની રકમ પૂર્ણ અથવા અંશતઃ (forfeit) જપ્ત કરવામાં આવશે. અન્યથા કોન્ટ્રાકટ પૂર્ણ થયે રકમ પુરેપુરી પરત કરવામાં આવશે.

૭. જે કંપનીના આર. ઓ. વોટર પ્લાન્ટ અને વોટર કુલર પુરા પાડવાના હોય તે કંપનીના અધિકૃત વિક્રેતા હોવાનું દર્શાવતા પ્રમાણપત્રની નકલ ટેન્ડર ફોર્મ સાથે આપવાની રહેશે.

૮. જો કંપની હોય તો નિયામકશ્રી ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજયના પ્રમાણપત્રની નકલ ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવું.

૯. ટેન્ડરફોર્મ સાથે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કંપનીના વિવિધ પ્રકારનાં પ્રમાણપત્રો જેવા કે, ISO-9001:2008 by Nimbus Certification Pvt.Ltd., ISO 14001:2004 for Environmental System & OHSAS, 18001: 2007 Occupational Health & Safety Management System, CE MARKING Certificateની ઝેરોક્ષ નકલો જોડવાની રહેશે.

૧૦. આર. ઓ. વોટર પ્લાન્ટ અને વોટર કુલર ઈનસ્ટોલેશન અને વેચાણ ક્ષેત્રનો ઓછામાં ઓછો ત્રણ(૩) વર્ષનો અનુભવ ધરાવતા હોય તે અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૧. ભાવો નિયત ટેન્ડરફોર્મમાં જ ભરવાના રહેશે અન્યથા ભરેલ ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૧૨. ભાવો અત્રેની કચેરીએ મટીરીયલ પુરા પાડવા સુધીના તમામ ટેકસ / ચાર્જીસ સહિતના આપવાના રહેશે.

૧૩. ટેન્ડર ફોર્મના ભાવો મંજૂર થયે ઓર્ડર આપ્યા બાદ ૧૫ દિવસમાં ઓર્ડર મુજબના આર. ઓ. વોટર પ્લાન્ટ અને વોટર કુલર અત્રેની કચેરીએ ઈન્સ્ટોલેશન કરીને ચાલુ કરી આપવાનાં રહેશે.

૧૪. સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર જે કોઈ ટેક્ષીસ ભરવા માટે કરવાની થતી જરૂરી કાર્યવાહી પાર્ટીએ કરવી જરૂરી છે અને તેના આધાર ટેન્ડર ફોર્મ સાથે રજુ કરવાના રહેશે.

૧૫. ભાવો સુવાચ્ય અક્ષરે અને છેકછાક વગર ભરવાના રહશે તથા પાર્ટીના સહી સિક્કા યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે થયેલ હોવા જોઈએ નહિતર આવું ટેન્ડર ફોર્મ અમાન્ય ગણવામાં આવશે.

૧૬. ટેન્ડર ફોર્મની ફી પેટે રોકડેથી ભરેલ રૂા.૧૫૦૦/–(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)ની અસલ રસીદ ટેન્ડર ફોર્મ સાથે જોડવાની રહશે, નહીંતર ટેન્ડર ફોમર્ને અપૂર્ણ ગણી રદ કરવામાં આવશે.

૧૭. ભાવ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે ફી ની રસીદ, ઈએમડીનો ડ્રાફટ, પાનકાર્ડની ઝેરોક્ષ નકલ, અનુભવના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અને અન્ય સાધનિક પુરાવા જેમ કે, GST નંબર અથવા તે માટે અરજી કરેલ હોય તેવા પુરાવા સામેલ રાખીને સીલબંધ કવરમાં "વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦"ના સરનામે મોડામા મોડુ તા. **૧૩/૦૯/૨૦૧૭** સુધીમાં કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે પોસ્ટ/કુરીયર થી મોકલી આપવાના રહેશે. કવર ઉપર **"આર. ઓ. વોટર પ્લાન્ટ ખને વોટર કુલરના ભાવો"** એમ અવશ્ય લખવાનું રહેશે. ટેન્ડર ફોર્મ રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી.

૧૮. ક્રમ ૧૭ માં દર્શાવ્યા પ્રમાણે સાધનિક પ્રમાણપત્રો અને વિગતો વગરનું ટેન્ડર ફોર્મ અધુરુ ગણીને તેને અમાન્ય ગણવામાં આવશે, જે બાબતે પાછળથી પાર્ટીનો કોઈ હકદાવો રહેશે નહી.

૧૯. ટેન્ડર પ્રક્રિયાને ધ્યાને લઈને ભાવો મંજૂર કરવા, ભાવો નામંજૂર કરવા કે સંપૂર્ણ ટેન્ડર પ્રક્રિયા કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાની સંપૂર્ણ સત્તા યુનિવર્સિટીના સક્ષમ અધિકારી પાસે અબાધિત રહેશે.

૨૦. કોઈપણ કાયદાકીય વિખવાદ ઉભો થાય ત્યારે નિરાકરણનું કાર્યક્ષેત્ર નવસારી રહશે.

સ્થળ :
તારીખઃ

**ઉપરોકત શરતો અને બોલીઓ (૧થી૨૦) મે બરાબર સમજી છે અને તે મને માન્ય છે.**

**ભાવ મોકલનાર પાર્ટીની સહી અને સિકકા**

ટેન્ડર ફોર્મ નં :
તારીખ :


# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦**

ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬

E-mail : dee@nau.in, Website : www.nau.in


## –:આર.ઓ.વોટર પ્લાન્ટ અને વોટર કુલર ખરીદવા માટેનું ભાવપત્રકઃ–

| અ.ન. | નામ અને તેની વિગત | | ખરીદીનો અંદાજીત જથ્થો/નંગ | કિંમત રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૧.૧ | હાઈટેક કંપનીનો ૨૫ લીટર કેપેસીટી વાળો આર. ઓ. વોટર પ્લાન્ટ | ૧ નંગ | |
| | ૧.૨ | હાઈટેક કંપનીનો ૪૦ લીટર કેપેસીટી વાળો આર. ઓ. વોટર પ્લાન્ટ | ૧ નંગ | |
| | ૧.૩ | હાઈટેક કંપનીનો ૫૦ લીટર કેપેસીટી વાળો આર. ઓ. વોટર પ્લાન્ટ | ૧ નંગ | |
| ૨ | ૨.૧ | બ્લુસ્ટાર કંપનીનું ૨૦ લીટર કેપેસીટી વાળુ વોટર કુલર | ૧ નંગ | |
| | ૨.૨ | વોલ્ટાસ કંપનીનું ૨૦ લીટર કેપેસીટી વાળુ વોટર કુલર | ૧ નંગ | |

સ્થળઃ

તારીખઃ

**ટેન્ડર ભરેલ પાર્ટીનું નામ, સરનામું, સહી–સિક્કા**